**ઈન્ડિયા ફાઉન્ડેશન ફોર ધ આર્ટ્સ (IFA)**

તેના **આર્ટસ પ્રેક્ટિસ** કાર્યક્રમ હેઠળ

***પ્રોડક્શન્સ (નિર્માણો)***

માટે અરજીઓ આમંત્રિત કરે છે

**છેલ્લી તારીખ: શુક્રવાર, જૂન 9, 2023**

આર્ટસ પ્રેક્ટિસ કાર્યક્રમ એવી પરિયોજનાઓને અમલમાં મૂકવાનો પ્રયાસ કરે છે જ્યાં કલાકારો એમના વર્તમાન કલાકારીના કાર્યક્ષેત્રને નવી દિશાઓમાં વિસ્તૃત કરતા હોય. પ્રયોગશીલતાની ભાવનાને આગળ રાખી, આ પરિયોજનાઓ સ્વીકૃત પરંપરાઓને પડકારી શકે છે; સામગ્રી, સ્વરૂપ અને માધ્યમના સંદર્ભમાં નવી સીમાઓને આગળ ધપાવી શકે છે; સ્થાન, પ્રેક્ષકો અને સમુદાયો સાથે જોડાણની નવી રીતોનું અન્વેષણ કરી શકે છે.

***પ્રોડક્શન્સ (નિર્માણો):***

તેમની કલાત્મક સફરના અમુક તબક્કે, કલાકારો સ્થાપિત માળખાને પડકારીને અને/અથવા સર્જનાત્મક અભિવ્યક્તિ તેમજ પ્રસ્તુતિના નવા માર્ગોની શોધ કરીને તેમની કલાકારીનું પુનઃમૂલ્યાંકન/પુનઃશોધ કરવા માટે જરૂરિયાત અનુભવતા હોય છે. આ શોધ એવાં પ્રોડક્શન્સ (નિર્માણો) નું સ્વરૂપ લઈ શકે છે જે તપાસ અને પ્રયોગશીલતાની ભાવનાને મૂર્તિમંત કરે.

આર્ટ પ્રેક્ટિસ કાર્યક્રમ હેઠળ, અમે એવાં પ્રોડક્શન્સ (નિર્માણો) માટે દરખાસ્તો આમંત્રિત કરીએ છીએ જે આવા સંશોધનમાંથી ઉદ્દ્ભવે છે. આ પરિયોજનાઓમાં અભિનય, શ્રાવ્ય, દ્રશ્ય, ડિજિટલ, સાહિત્યિક કૃતિઓ અથવા આ સ્વરૂપોને સમાવતી આંતરશાખાકીય કૃતિઓનો સમાવેશ થઇ શકે છે. નાટ્ય, નૃત્ય અને સંગીત પ્રસ્તુતિ, સ્થાપનો (ઈંસ્ટોલેશન), પ્રદર્શનો, પુસ્તકો, સામયિકો અને અન્ય પ્રકાશનો, ફિલ્મ અને વિડિયો પ્રસ્તુતિઓ, રમતો, ઈન્ટરફેસ, અને અન્ય ડિજિટલ કલાકૃતિઓ તેમજ હજુ જેમની કલ્પના કરવાની બાકી છે એવાં અન્ય નવીન સ્વરૂપો માટેની દરખાસ્તો આવકાર્ય છે.

**પરિયોજનાની અવધિ:**18 મહિના સુધી

**બજેટ:** મહત્તમ રૂ. 5,00,000/- સુધી

**છેલ્લી તારીખ:** શુક્રવાર, 9 જૂન, 2023

**પરિયોજના માટે દરખાસ્ત કોણ મોકલી શકે છે?**

કાર્યક્રમમાં દરખાસ્તો રજૂ કરવા માટે તમામ શાખાઓના પ્રેક્ટિશનરોને, પછી ભલે તેઓ એમના પોતાના ક્ષેત્રમાં અથવા બહુવિધ ક્ષેત્રોમાં કામ કરતા હોય, આમંત્રિત કરવામાં આવે છે. આમાં સમાવિષ્ટ છે:

- સંગીત, શ્રાવ્ય, સાહિત્ય, નૃત્ય, ચળવળ, નાટ્ય, કઠપૂતળી, વાર્તા કથન, જાદુ, સર્કસ અને અન્ય અભિનય કલાઓમાં કામ કરતા અભિનય કલાકારો
- ફિલ્મ (દસ્તાવેજી અને કાલ્પનિક), એનિમેશન, ફોટોગ્રાફી, સ્થાપન (ઈન્સ્ટોલેશન), ન્યૂ મીડિયા, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, રોબોટિક્સ, ઈન્ટરેક્ટિવ આર્ટ, ગેમિંગ, પેઈન્ટિંગ, શિલ્પકલા, મુદ્રણકળા (પ્રિન્ટમેકિંગ), કોમિક બુક, ગ્રાફિક નેરેટિવ, આર્ટિસ્ટ બુક અને અન્ય દ્રશ્ય (વિઝ્યુઅલ) કળા જેવાં સ્વરૂપોમાં કામ કરતા દ્રશ્ય (વિઝ્યુઅલ) કલાકારો.

- સંગ્રહાલય પરિરક્ષકો (ક્યુરેટર્સ), ખાસ કરીને જેઓ ગેલેરી સંદર્ભની બહાર કામ કરે છે.
- સાહિત્યિક કળા સાથે કામ કરતા કવિઓ, નવલકથાકારો, નાટ્યકારો
- આંતરશાખાકીય કાર્યમાં રોકાયેલા પ્રેક્ટિશનરો

**પાત્રતા:**

જો તમે ભારતીય નાગરિક છો, તો તમે પરિયોજનાની દરખાસ્તો મોકલવા માટે પાત્ર છો, અને તમારા સહયોગીઓ પણ ભારતીય નાગરિક હોવા જ જોઈએ. વધુ વિગતો માટે કૃપયા અહીં ક્લિક કરો.

અમને નીચે મુજબ વિગતો વર્ણવતી દરખાસ્ત મોકલશો:

- એક પ્રેક્ટિશનર તરીકે તમારી હાલની કળાની પ્રેક્ટિસ, નિસબત અને રુચિઓ
- તમે જે પ્રોડક્શન (નિર્માણ) બનાવવા માંગો છો તેની વિગતો અને તેનું કારણ
- વિગતવાર સમયરેખા અને બજેટ
- અગાઉના કામના ઉદાહરણો
- સરનામું, ફોન નંબર અને ઈમેલ આઈડી સાથેનો તમારો બાયોડેટા

**પસંદગી પ્રક્રિયા:**

લાયક અને પાત્રતા ધરાવતી દરખાસ્તોનું મૂલ્યાંકન બાહ્ય તજજ્ઞોની પેનલ દ્વારા કરવામાં આવશે અને અરજદારોએ એમના પરિયોજના સંબંધિત વિચારો પેનલ સમક્ષ રજૂ કરવા જરૂરી રહેશે. અમલીકરણ માટે પસંદ કરાયેલ પરિયોજનાઓની જાહેરાત **સપ્ટેમ્બર 2023**માં કરવામાં આવશે. પરિયોજના પસંદગી સંબંધિત IFA દ્વારા લેવાયેલ નિર્ણય આખરી રહેશે.

**દરખાસ્તની રજૂઆત:**

- **તમે અંગ્રેજી સહિત કોઈપણ ભારતીય ભાષામાં તમારી દરખાસ્ત લખી શકો છો. IFA અંગ્રેજી ઉપરાંત ભારતીય ભાષાઓમાં પરિયોજનાને પ્રોત્સાહિત કરે છે.**
- જો તમે તમારી દરખાસ્ત મોકલતા પહેલા પરિયોજનાના વિચારોની ચર્ચા કરવા માંગતા હોવ અથવા તે અંગેના પ્રશ્નો હોય, તો કૃપા કરીને sumana@indiaifa.org પર 19 મે, 2023 પહેલા લખી જણાવશો .
- તમારી અંતિમ દરખાસ્ત, તમામ સહાયક સામગ્રીઓ સાથે, એક જ ઈમેઈલમાં 25 MB થી વધુ ન હોય તે રીતે, શુક્રવાર, 9 જૂન, 2023ના રોજ અથવા તે પહેલા sumana@indiaifa.org પર ઓનલાઈન મોકલવાની રહેશે.

**મહેરબાની કરીને નોંધ કરશો કે અપૂર્ણ દરખાસ્તો અને જ્યાં અરજદારો પાત્રતાના માપદંડમાં આવતા નથી, એમની અવગણના કરવામાં આવશે.**

પસંદ કરાયેલ તમામ પરિયોજના IFA દ્વારા અમલમાં મૂકવામાં આવશે.

***આર્ટ પ્રેક્ટિસ કાર્યક્રમને સોની પિક્ચર્સ એન્ટરટેઈનમેન્ટ ફંડ દ્વારા સહયોગ કરવામાં આવે છે.***